જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>

<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u> <u>સમાચાર યાદી નં.૨૧૭૯/૧૭</u>

<u>સરખેજ પોલીસ સ્ટેશન</u>

મહે.પોલીસ કમીશ્નર સા.શ્રી, તથા મહે.સંયુક્ત પોલીસ કમીશ્નર સા.શ્રી સેક્ટર-૧ તથા મહે.નાયબ પોલીસ કમીશ્નર સા.શ્રી ઝોન-૭ તથા મહે.મદદનીશ પોલીસ કમીશ્નર સા.શ્રી એમ ડિવીઝન સાહેબનાઓ તરફથી મળેલ સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી પી.એમ.રામાણી સાહેબના માર્ગદર્શન હેઠળ સરખેજ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમા રહેતા ઇરફાન ઘાંચીનાનો બહારથી માણસો બોલાવી જનપથ હોટલના પાછળના ભાગે આવેલ છાપરામા જાહેરમા ગંજીપાનાનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતો હોય તા-૨૭/૧૦/૨૦૧૭ ના ક.૨૧/30 વાગ્યાના સુમારે અમોને મળેલ ખાનગી બાતમી આધારે સદરી જગ્યાએ જુગાર અંગેની રેઇડ કરતા રજ્જબમીંયા કાસમમીંયા પઠાણ તથા બીજા સાત માણસો પૈસા પાનાથી જુગાર રમી રમાડતા પકડાઇ જતા રોકડ રુપીયા ૧૨૫00/- તથા મોબાઇલ નંગ-૭ કિ.રૂ.૧૩000/- તથા એક મોટર સાયકલ કિ.રૂ.૩૫000/- નુ મળી કુલ રુપીયા ૬0,૫00/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે અને સદરી ઇસમ ઇરફાન ઘાંચીનાનો આ રેઇડ દરમ્યાન નાસી ગયેલ છે જે બાબતે સરખેજ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં-૩૪૪/૧૭ જુગાર ધારા ક-૧૨ મુજબ ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

## રામોલ પોલીસ સ્ટેશન

## ઘાતકી હત્યાનો ભેદ ઉકેલાયો ત્રણ આરોપીઓ ઝડપાયા

તા.૨૬/૧૦/૧૭ તથા તા.૨૭/૧૦/૧૭ ની રાત્રી દરમ્યાન એક યુવક નામે અક્ષય મુકેશભાઇ પરમાર નાઓની તિક્ષ્ણ હથિયાર વડે શરીર પર ઘા મારી હત્યા નિપજાવેલી લાશ ચિરાગ એસ્ટેટના નાકે કેનાલ પર મળી આવેલ જે આધારે રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં-૨૬૩/૧૭ ધી ઇપીકો કલમ ૩૦૨ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી તપાસ ચાલુ કરવામાં આવેલ જેમાં સંયુક્ત પોલીસ ક્મિશ્નર શ્રી સેકટર -૨ સાહેબ તથા નાયબ પોલીસ ક્મિશ્નરશ્રી ઝોન-૫ નાઓ તથા મ.પો.કમિશ્નરશ્રી આઇ ડીવીઝન નાઓની માર્ગદર્શન તેમજ સુચના આધારે આરોપી પકડવા ચાર ટીમ બનાવવામાં આવેલ જેના પરિણામ સ્વરુપ હત્યા નિપજાવનાર ૧૭ વરસ ૬ માસનો કિશોર તથા હત્યા પાછળ ઉશ્કેરાટ તેમજ મદદગારી કરનાર બે આરોપી વિજયકુમાર અમરતભાઇ સોલંકી ઉવ.૩૧ ધંધો.ગારમેંટ રહે-દ્રારકાધીશ નગર, વિભાગ-૨, સતાધાર રોડ અમરાઇવાડી અમદવાદ તથા ધવલ નવીનભાઇ સોલંકી ઉવ ૨૩ રહે રઉફની ચાલી કુબરનગર સોળ ઓરડી અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓને અટક કરવામાં આવેલ તેમજ હત્યા કરનાર મુખ્ય કિશોર આરોપી પાસેથી હત્યામાં વપરાયેલ ચપ્પુ કબજે કરવામાં આવેલ તેમજ કિશોરને હત્યા કરવાનુ કારણ પૂછતા તેણે જણાવેલ કે પોતાની બહેન દિવ્યાએ મરજી વિરુધ્ધ મરણ જનાર સાથે ચારેક મહીના પહેલા મરણ જનાર સાથે પ્રેમલગ્ન કરેલ જે પોતાને પસંદ ન હોય જેથી કાયદાના સંઘર્ષમાંઆવેલ કિશોર મારવા માટે ફરતો હોય તેણે આહત્યા કરવાનુ નક્કી કરેલ અને હત્યા કરવામાં આરોપી નં (૨) વિજય નાએ કાયદાના સંઘર્ષમાંઆવેલ કિશોરને ઉશ્કેરાટ અને મદદગારી કરી અને આરોપી નં ૩ ધવલ નાએ કાયદાના સંઘર્ષમાંઆવેલ કિશોર નાને હત્યા કર્યા બાદ પોતાની સ્પ્લેંડર મો.સા. પર એસ.ટી બસ સ્ટોપ સુધી મુકી આવી મદદગારી કરેલાનુ જણાઇ આવેલ છે.

આમ હત્યા બનાવના ચોવીસ કલાકની અંદર કાયદાના સંઘર્ષમાંઆવેલ કિશોર સહીત સહ આરોપીઓ પકડી પાડવામાં રામોલ પોલીસ સ્ટેશનને સફળતા મળેલ છે

**<u>સરખેજ પોલીસ સ્ટેશન</u>**

મહે.પોલીસ કમીશ્નર સા.શ્રી, તથા મહે.સંયુક્ત પોલીસ કમીશ્નર સા.શ્રી સેક્ટર-૧ તથા મહે.નાયબ પોલીસ કમીશ્નર સા.શ્રી ઝોન-૭ તથા મહે.મદદનીશ પોલીસ કમીશ્નર સા.શ્રી એમ ડિવીઝન સાહેબનાઓ તરફથી મળેલ સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી પી.એમ.રામાણી સાહેબના માર્ગદર્શન હેઠળ સરખેજ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. તથા સ્ટાફના માણસો સાથે સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમા ચુનારાવાસ ટેકરાવાળો વાસ ખાતે રહેતા (૧) ઉપેંન્દ્ર ઉર્ફે બંટી સન/ઓ વિનોદભાઇ ઉર્ફે મનુભાઇ ફકીરભાઇ ચુનારા તથા (૨) રાકેશ સન/ઓ ભાવુભાઇ ફકીરભાઇ ચુનારાનાઓ પોલીસની ચોરીછુપીથી જુના વણઝર નદીના ભાઠાના પટમા આવેલ બાવળની ઝાડીમા દેશીદારુ ગાળવાનો તથા વેચવાનો ધંધો કરતા હોય જે ખાનગી બાતમી આધારે તા-૨૮/૧૦/૨૦૧૭ ના ક.૩/૧૫ વાગ્યે જુના વણઝર નદીના ભાઠામા રેઇડ કરતા સદરી બંને ઇસમો દેશી દારુની હેરાફેરી કરતા દેશીદારુ લિટર-૨૫૫ કિ.રૂ.૫૧૦૦/- તથા એક મોટર સાયકલ તથા એક એક્ટીવા બંને મળી કિ.રૂ.૧,૧૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૨ કિ.રૂ.૧૦૦૦/- ની મળી કુલ રુપીયા ૧,૧૬,૧૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે. અને આ બાબતે સરખેજ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં-૫૩૧૬/૧૭ ધી પ્રોહી એક્ટ ક-૬૬(બી),૬૫(ઇ) ,૬૮,૮૧, ૯૮(૨) મુજબનો ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.